PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/કવા–૦૪/૧૭–૧૮/ 3095-3 તા. 12-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સુખાભાઈ માવજીભાઈ પાનસુરીયા,
– જય અંબે – નંદકિશોર સોસાયટી – ૦૨,
લક્ષ્મીનગર મેઈન રોડ,
ફિલ્ડ માર્શલ વાડી પાછળ,
રાજકોટ
મો: ૯૯૧૩૩ ૩૪૧૩૩

વિષય :–લેણી રકમ વસુલાત બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૦/કવા–૦૪/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૦/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૪–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: સુખાભાઈ માવજીભાઈ પાનસુરીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે રામપ્રકાશ અમૃતલાલ રામાનુજ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : લેણી રકમ વસુલાત બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના થી ફેઇઝ જોડાણ ને રદબાતલ કરાવવા માટે ની અરજી તા.૧૦–૦૩–૧૬ ના રોજ થી કરેલ હતી. જે બાબત ને આજરોજ ૦૨ વર્ષ થવા છતા – હજુ સુધી તેઓને ડિપોઝીટ રીફંડ નો ચેક મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર શ્રી સુખાભાઈ માવજીભાઈ પાનસુરીયા દ્રારા – વાણીજય હેતુ માટે ના વીજ જોડાણ મેળવવા માટે તા.૧૯–૧૧–૧૫ ના રોજ અરજી કરેલ. જે અનુસંધાને – અરજદાર ને તા.૧૭–૦૨–૧૬ ના રોજ નિયમાધીન વીજ જોડાણ ચાલુ કરી અપાયેલ હતુ. ત્યારબાદ, સદર ગ્રાહકે તા.૧૦–૦૩–૧૬ ના રોજ આ જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરી મળવા પાત્ર રકમ – જમા આપવા વિનંતી કરેલ. તેમજ, પીજીવીસીએલ પક્ષકાર દ્રારા – જે તે સમયે અરજદાર ને જણાવેલ કે સદર વીજ જોડાણ ૦૨ વર્ષ સુધી રદબાતલ થઈ શકે નહી. અથવા ૦૨ વર્ષ નો મીનીમમ ચાર્જ ભરપાઈ થયા બાદ જ રદબાતલ થઈ શકે.<br>• (૨) ફરીયાદી અરજદાર દ્રારા તા.૧૩–૦૨–૧૭ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા – સદર બાબતે અરજી કરેલ હતી, અને જે તે સમયે ગ્રાહકે બાકી લેણી રકમ ભરપાઈ કરી આપવાની લેખીત મા બાહેધરી આપેલ – જેથી પીજીવીસીએલ અને અરજદાર પક્ષકાર તરફથી સમાધાન થયા મુજબ – સમાધાનપત્રક રજુ થતા – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર દ્રારા તા.૨૭–૦૨–૧૭ થી હુકમ કરાયેલ હતો.<br>• (૩) ઉપર મુજબ – સમાધાન થયા મુજબ – ગ્રાહકે રકમ ભરપાઈ કરવાની દરકાર કરેલ નથી. પરંતુ, ગ્રાહક દ્રારા ફરીથી તા.૧૨–૦૩–૧૮ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ મા અરજી કરેલ. જેમા અરજદારે તા.૧૪–૧૨–૧૫ ના રોજ કુલ ડિપોઝીટ રૂ. ૨૧૨૪૩ /– જે જમા છે, તે રીફંડ આપવા જણાવેલ. પરંતુ, પીજીવીસીએલ કક્ષાએથી ઓફિસ રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા – ગ્રાહક ઈરાદા પૂર્વક સત્ય હકીકત છુપાવે છે, અને તેમની ડિપોઝીટ રૂ. ૯,૧૨૩/– જમા છે. તથા તાજેતર ના ઓફિસ રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા – ખાતામા લેઝર મુજબ બાકી લેણી રકમ રૂ.૪,૯૪૦/– તેમજ માહે ફેબ્રુઆરી–૧૭ થી માહે ફેબ્રુઆરી–૧૮ સુધીના સમયગાળા ના મીનીમમ ચાર્જ પેટે – ૪,૫૭૯/૯૮– એમ કુલ રૂ. ૯,૫૨૦/– તેમજ આ રકમ પર કંપની ના નિયમાધીન ડી.પી.સી. ચાર્જ પણ ગ્રાહક પાસેથી લેવાના થાય છે. આમ, ગ્રાહક ની જમા ડિપોઝીટ બાદ કરતા – પીજીવીસીએલ ને ગ્રાહક પાસેથી ( રૂ.૯,૫૨૦ – ૯,૧૨૩) રૂ.૩૯૭ લેવાના થાય છે, અને કંપની ના નિયમ મુજબ – ડી.પી.સી. ચાર્જ પણ લેવાના થાય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી સુખાભાઈ માવજીભાઈ પાનસુરીયા નુ ૦૭ કીવો નુ વીજ જોડાણ – એનઆરજીપી કેટેગરી હેઠળ તા.૧૭–૦૨–૧૬ ના રોજ રીલીઝ કરાયેલ છે. જેનો ગ્રાહક નં.–૬૧૯૧૧/૦૦૯૪૭/૮ છે. ગ્રાહક ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – માહે માર્ચ–૧૭ મા બીલ્ડઈન માહે એપ્રીલ – ૧૭ બીલ તા.૧૧–૦૪–૧૭ ની સ્થીતીએ સદર વીજ જોડાણ – કાયમી ધોરણે રદબાતલ થયેલ છે. તેમજ, વીજબીલ ફેબ્રુઆરી–૧૮ – બીલ્ડ ઈન માહે માર્ચ–૧૮ ની સ્થીતીએ કુલ વીજબીલ ની રકમ રૂ. ૪,૯૪૦/૦૨– બતાવેલ છે.<br>• વધુમા – સદર બાબતે – અરજદાર દ્વારા ઉપરોકત મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં. (૨) અને (૩) મુજબ ની વિગતે – અરજદાર શ્રી એ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરેલ સમાધાન મુજબ ની કાર્યવાહી કરેલ નથી. જેથી, અરજદાર પાસેથી – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના વિભાગ નં. ૮ મા જણાવ્યા મુજબ ની વિગતે – જો ગ્રાહક વિનંતી થી કપાત કરાવે તો – મુદદા નં. ૮.૮ અને ૮.૯ મા કરાયેલ જોગવાઈ મુજબ નિયમાધીન રીતે બાકી લેણી તમામ લેણી રકમ નુ ગણતરીપત્રક અરજદાર શ્રી ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૦૭ મા લેખીત પત્ર પાઠવી અને ત્યારબાદ આગળ ની કાર્યવાહી રૂપે તે લેણી રકમ નિયમાધીન રીતે વસુલવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**